


| | |
|---|---|
| અરજી દાખલ થયાની તા. | ૨૧–૧૨–૨૦૨૨ |
| અરજી રજીસ્ટર્ડ થયાની તા. | ૨૦–૧૨–૨૦૨૨ |
| ઠરાવ જાહેર થયાની તા. | ૨૦–૧૨–૨૦૨૨ |
| સમયગાળો | વર્ષ મહિનો દિવસ |

---

**પોરબંદરના નામદાર જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબની કોર્ટ સમક્ષ, મુકામ– પોરબંદર**

---

**ફો.કે.નં.૬૧૬૯/૨૦૨૨**
**આંક– ૦૬**

ફરીયાદી : શ્રી સરકાર

**વિરૂઘ્ઘ**

આરોપી : રામાભાઇ ઉકાભાઇ ધારેચા ઉ.વ ૩૯
રહે. માધવપુર ગામ,પોલીસ સ્ટેશન પાછળ
તા.જી.પોરબંદર

---

આરોપી તરફે વિ. વ. શ્રી : જે.એમ.ચાવડા

---

**::–જજમેન્ટ– ::**

**૧.** આ કામે આરોપી સામે પ્રોહી એકટની કલમ–૬૬ (૧)બી, ૮૫, મુજબનો સજાને પાત્ર ગુનો કરેલો છે. સદર ગુના અંગેની આંક–૧ થી ચાર્જશીટ ફાઈલ કરવામાં આવતા, આ કામે આરોપી હાજર થતા તેઓને કેસના કાગળોની નકલો આપી,આરોપી સામે આંક– ૩ ત્હોમતનામુ ફરમાવવામા આવેલ તથા આંક–૪ થી પ્લી (જુબાની) લેતા, તેઓને ગુનો કબુલ કરેલ છે. તેમજ આરોપી

તરફે આંક–૫ થી કબુલાત પુરસીસ આપવામાં આવેલ છે. જે વંચાણે લેતા, આરોપીએ ગુનાનો એકરાર કરેલ છે.

૨. આરોપી તેની કબુલાત પુરસીસ રજુ કરી જણાવે છે કે, તેમને ગુનો કબુલ છે. ફરીથી આવો ગુનો નહી કરવાની ખાત્રી આપે છે. આરોપી જણાવે છે કે તે ગરીબ વર્ગનો માણસ છે અને તેના પર દયા કરવા જણાવેલ છે. આરોપીની આ સ્વૈચ્છિક કબુલાત નહી માનવાને કોઈ કારણ નથી. આરોપીને આ કાયદા હેઠળની સજાની સમજ કરવામાં આવેલ છે.તેમ છતા આરોપી પોતાની સ્વેચ્છીક કબુલાત ને વળગી રહે છે.

3. કેસની હકીકત, આરોપીના આર્થિક સંજોગો તેમજ આરોપીએ રજુ કરેલ તેની સ્વૈચ્છિક કબુલાત ધ્યાને લેતા તેમજ નામદાર ગુજરાત હાઈકોર્ટ, ગુજરાત રાજય વિ. નટવર હરચંદજીના કેસમાં (GLR 2005(1), Pg. No.709) આપેલ સમજુતી મુજબ, આરોપીની કાયદામાં જણાવેલ સજા કરતા ઓછી સજા કરવામાં આવે તો ન્યાયનો વિશાળ હેતુ સચવાય તેમ જણાય છે અને તે સંજોગોમાં ઓછી સજા કરવાના પુરતા કારણો જણાતા સદરહુ ગુના માટે આરોપીને તકસીરવાન ઠરાવી ન્યાયના હિતમાં નીચે મુજબ હુકમ કરવામાં આવે છે.

**<u>–: હુ ક મ :–</u>**

(૧) આરોપી રામાભાઈ ઉકાભાઈ ધારેચા ને ક્રિ.પ્રો. કોડની કલમ– ૨૪૧ મુજબ તેની સામેના બોમ્બે પ્રોહી.એકટની કલમ–૬૬(૧)બી, ૮૫ મુજબ ના સજાને પાત્ર ગુના માટે રૂપિયા ૫૦૦/– (અંકે રૂપિયા પાંચસો પુરા) નો દંડ તથા કોર્ટ ઉઠતા સુધીની સજા કરવામાં આવે છે અને જો દંડ ન ભરે તો દિન–૦૫ (પાંચ) ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે.

**હુકમ આજ રોજ તારીખ ૨૧, માહે–ડીસેમ્બ્ર સને–૨૦૨૨ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.**

Date : ૨૧–૧૨–૨૦૨૨
Place : પોરબંદર

( સંગ્રામ ઉદયસિંહ બાબર)
જયુડીશ્યલ મેજીસ્ટ્રેટ ફ.ક.,
પોરબંદર.
GJ-01178